જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૨/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ
આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ– **સમાચાર યાદી નં.૧૬૩/૨૦૨૬**

ઓઢવ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૩૬/૨૦૧૫ ઈપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૪૧૩, ૧૧૪ મુજબ તથા સેશન્સ કેસ નં.૧૭૨/૨૦૨૧ મુજબ ગુનાના કામે કરતારસિંગ ઉર્ફે કલટીસિંગ સ/ઓ ઈસ્વરસિંગ જાતે ટાંક (ઉ.વ.૨૪) (રહે. મચ્છી મજાર પાસે છાપરાંમાં મહેમદાબાદ તા.મહેમદાબાદ જી–ખેડા) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી સી.એચ.શાહ સાહેબ, ન્યાયાધીશ કોર્ટ નં.૧૮ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજ તથા તે પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૬૭ લીટર દેશી દારૂ, ૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૯૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૦૪ બીયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૬૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૬૬/૨૦૨૬**

ચાંદખેડાઃ અરવિંદકુમાર પશાભાઈ પરમાર (ઉ.વ.૪૪) (રહે. કેશવ એપાર્ટમેન્ટ એલ.આઈ.જી.–૭, ટી.પી–૪૪, ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૨/૨૦૨૬ સાંજના ૦૫/૩૦ થી ૦૬/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે બેડસીટ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પાર્થ પ્રતાપભાઇ ચલાવે છે.

સરખેજઃ કૃપાબા વા/ઓ વિજયરાજસિંહ ડોડીયા (ઉ.વ.૧૯) (રહે. ગામ–નાની વાવડી તા–રાણપુરા જી–બોટાદ) નાઓ છેલ્લા એકાદ માસ થી સરખેજ ગામ ભરવાડ વાસ ખાતે પોતાના પિયરમા રહેતા હતા. જેઓએ અગમ્ય કારણસર તા.૦૧/૦૨/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે સરખેજ રહેણાંક ખાતે એસીડ પી લીધું હતું. સારવાર માટે તેમને બોપલ કીમ્સ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૨/૨૦૨૬ કલાક ૧૦/૪૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આર.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી